# ખેડૂત ઉત્પાદક સંગઠનો : ટકાઉપણામાં પડકારોનો એક અભ્યાસ

જીતેન્દ્ર વસાવા
રિસર્ચ સ્કોલર
મહાત્મા ગાંધી ગ્રામીણ અભ્યાસ વિભાગ,
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સીટી, સુરત

ડૉ. શ્રીધર નિમાવત
આસિસ્ટન્ટ પ્રોફેસર,
મહાત્મા ગાંધી ગ્રામીણ અભ્યાસ વિભાગ,
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સીટી, સુરત

## અમૂર્ત

કહેવાય છે કે "નિષ્ફળતા જ સફળતાની  ચાવી છે." આ કહેવત ત્યારે જ સાર્થક બની શકે છે. જયારે નિષ્ફળતા માટેના કારણો જાણવામાં આવે. સફળતા માટે કેટલાક પડકારો રહેલા હોય છે, તે પડકારોને સમજીને તેને દુર કરવાનો પ્રયત્ન કરવામાં આવે તો સફળતા ચોક્કસ પ્રાપ્ત કરી શકાય છે. પ્રસ્તુત અભ્યાસમાં એ જ બાબતને સમજવા માટેનો પ્રયત્ન કરવામાં આવેલ છે. ખેડૂત ઉત્પાદક સંગઠન (FPO) એ નાના અને સીમાંત ખેડૂતો દ્વારા સામનો કરવામાં આવતી સમસ્યાઓના નિરાકરણ માટેની શ્રેષ્ઠ સંગઠન તરીકે ઓળખાવી શકાય તેમ છે. તેમ છતાં, પણ હજુ સુધી તે ખેડૂતના ખેતર સુધી વ્યવસ્થિત રીતે પહોંચવામાં સફળ થયું નથી. ખેડૂત ઉત્પાદક સંગઠનો પોતાની ક્ષમતા અનુસાર કાર્ય કરી શકયા નથી, જે માટે કયા પડકારો જવાબદાર છે? તે જાણવાના હેતુસર આ અભ્યાસ કરવામાં આવેલ છે. આ માટે ભરૂચ અને નર્મદા જીલ્લાના કેટલાંક એફ.પી.ઓ.ની મુલાકાત કરીને તેના પ્રમુખ, મંત્રી, સી.ઈ.ઓ. અથવા અન્ય જવાબદાર વ્યક્તિઓને મળીને માહિતી મેળવવામાં આવી છે. અભ્યાસના અંતે તારણોમાં એફ.પી.ઓ.ના સંચાલન તથા તેમની ટકાઉપણામાં કેવા પડકારો રહેલા છે તથા તેઓના બિન-કાર્યરત અથવા બંધ રહેવા માટે કયા કારણો રહેલા છે, તેની ચર્ચા કરવામાં આવી છે, જેમાં સભ્યોમાં જાણકારીનો અભાવ, ડીરેક્ટરોનું વ્યાવસાયિક વલણ, ખેતર સુધીની માર્યાદિત પહોંચ, નબળી કામગીરી, નાણાની અછત જેવા કારણો જવાબદાર છે. અંતમાં આ પડકારોને દુર કરી, બિન-કાર્યરત અથવા બંધ સ્થિતિમાં રહેલા એફ.પી.ઓ.ને ફરીથી ચાલુ કરીને તેના હેતુઓ પરિપૂર્ણ થાય તે પ્રમાણે કાર્ય થાય તે માટે જરૂરી સૂચનો આપવામાં આવેલ છે.

## પરિચય

ભારતની ખેતી સમૃદ્ધ હોવાનું કહેવાય છે, પરંતુ નાના અને સીમાંત ખેડૂતો હજુ પણ ગરીબ છે૮૫ ભારતીય કૃષિમાં લગભગ .% ખેડૂતો નાના અને સીમાંત ખેડૂતો છે, જેમની પાસે ૨ હેકટરથી ઓછી જમીન છે. સંસાધનો અને સેવાઓનો અભાવ ધરાવતા અસંગઠિત નાના ખેડૂતોની સમસ્યાઓ દુર કરવા અંતે ખેડૂત ઉત્પાદક સંગઠન(FPO)ની જરૂરિયાત અનુભવાઈ.

આપણે ત્યાં કહેવાય છે 'સંઘે શક્તિ કલૌ યુગે'. અર્થાત્ આ યુગમાં સંગઠન જ સૌથી મોટી શક્તિ છે. સંગઠનની રચનાથી માત્ર સભ્યોને જ નહીં, પરંતુ સંગઠન સાથે જોડતા તમામ હિતધારકોને પણ તેનો ફાયદો થાય છે. ખેડૂત ઉત્પાદક સંગઠન (FPO) ની રચના ખેડૂતોને

પોષણક્ષમ ભાવ મળવાની સંભાવનાને વધારે છે. જેથી નાના અને સીમાંત ખેડૂતો સશક્તિકરણ, આજીવિકા અને જીવનધોરણમાં સુધારો લાવવાના લાભો મેળવી શકે. (HIND NEWS, 2024)

છેલ્લાં બે દાયકામાં ખેડૂતોના સમૂહના રૂપમાં પાયાના સ્તરે સંસ્થાકીય નવીનતાઓએ સમગ્ર વિશ્વમાં વ્યાપક લોકપ્રિયતા મેળવી છે. ખેડૂત ઉત્પાદક સંગઠનો (FPO) એ ખેડૂતો અને ગ્રામીણ ગરીબોના સશક્તિકરણ, ગરીબી નિવારણ અને ઉન્નતી માટેના મુખ્ય સંસ્થાકીય નવીનતાઓ પૈકીની એક છે. ભારત જેવા વિકાસશીલ દેશોમાં, જ્યાં કૃષિ ક્ષેત્રે માર્યાદિત સંસાધન આધાર ધરાવતા નાના અને સીમાંત ખેડૂતોનું પ્રભુત્વ છે, ત્યાં FPO તેમને વધુ સારી બજાર પહોંચ, ઉચ્ચ સોદાબાજી શક્તિ અને ઉત્પાદન માટે વધુ કિંમત, વધુ સારીમાહિતી પ્રસાર માટે એકત્રીકરણ અને સંગઠિત કરીને મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી શકે છે, જેથી અર્થતંત્રને મજબુત બનવી શકાય, ખેડૂતોના વ્યવહાર ખર્ચ અને જોખમો ઘટાડી શકાય. નાના પાયે ખેડૂતો ખેડૂત ઉત્પાદક સંગઠનોમાં જોડાઈને તેમના ઉત્પાદન, પ્રક્રિયા અને માર્કેટિંગ પ્રવૃત્તિઓ માટે બજાર માહિતી, ધિરાણ અને ઉત્પાદન સંસાધનોની સરળ પહોંચ મેળવી શકે છે. જો કે, FPO ના વ્યાપક વિકાસ છતાં, વિશ્વભરમાં તેમની સફળતાએ મિશ્ર પરિણામો દર્શાવ્યા હતા. ભારતમાં પણ આવી જ પરિસ્થિતિ જોવા મળે છે. તેથી FPOs ની ગતિશીલતા, FPOsના પ્રદર્શનને પ્રભાવિત કરતા પરિબળો અને પાયાના સ્તરે FPOsની નબળાઈઓને દુર કરવા માટેની નીતિ આવશ્યકતાઓનું વિશ્લેષણ કરવું જરૂરી છે. (Vinayak , Singh, Arathi, & Kumar, 2019)

ભારતનું કૃષિ ક્ષેત્ર, જે રાષ્ટ્રીય GDP માં 15.87% યોગદાન આપે છે, તે દેશના અર્થતંત્રનો આધારસ્તંભ છે. આશરે 53% કાર્યબળને રોજગારી આપે છે, તે આર્થિક વિકાસને વેગ આપવા અને વસ્તીના નોંધપાત્ર ભાગ માટે ખાદ્ય સુરક્ષા સુનિશ્ચિત કરવામાં મુખ્ય ભૂમિકા ભજવે છે. જો કે, આ ક્ષેત્ર નાના અને વિભાજિત જમીન માલિકી દ્વારા પડકારવામાં આવે છે, જેમાં સતત જમીન વિભાજનને કારણે વાર્ષિક 1.5 થી 2 મિલિયન નવા સીમાંત અને નાના ખેતરો ઉભરી આવે છે. આ માળખાકીય મુદ્દો નાના અને સીમાંત ખેડૂતો માટે નોંધપાત્ર અવરોધો રજૂ કરે છે, જેમાં ઓછી ઉત્પાદકતા, મર્યાદિત બજાર ઍક્સેસ અને અપૂરતા નાણાકીય સંસાધનો શામેલ છે.

આ પડકારોનો સામનો કરવા અને નાના ખેડૂતોને કૃષિ મૂલ્ય શૃંખલામાં વધુ સારી રીતે એકીકૃત કરવા માટે, વિવિધ સંગઠનાત્મક મોડેલો રજૂ કરવામાં આવ્યા છે. આમાંથી, ખેડૂત ઉત્પાદક સંગઠનો (FPOs) ખેડૂતોને તેમની આવક વધારીને, વ્યવહાર ખર્ચ ઘટાડીને અને બજાર ઍક્સેસમાં સુધારો કરીને સશક્ત બનાવવાનો હેતુ ધરાવે છે. તેમની ક્ષમતાને ઓળખીને, ભારત

સરકારે કંપની અધિનિયમ, 1956293 ની વિશેષ જોગવાઈઓ હેઠળ FPO ની રચનાને પ્રોત્સાહન આપ્યું છે. આ પ્રયાસો છતાં, ભારતભરમાં ઘણા FPOs ને કાર્યકારી પડકારોનો સામનો કરવો પડે છે જે તેમના હેતુપૂર્ણ ઉદ્દેશ્યોને પ્રાપ્ત કરવામાં તેમની ક્ષમતાને અવરોધે છે. વધુમાં, FPOs ના મોટા પાયે આવક ઉત્પન્ન કરતી અસરો દર્શાવતા નોંધપાત્ર પ્રયોગમૂલક પુરાવાનો અભાવ છે. FPO ની અસરકારકતા સુધારવા અને નાના અને સીમાંત ખેડૂતો માટે બજાર વ્યવસ્થામાં પરિવર્તન લાવવામાં તેમની ભૂમિકા સુનિશ્ચિત કરવા માટે આ અવરોધોને ઓળખવા અને સંબોધવા મહત્વપૂર્ણ છે. (Archana, 2024)

FPO વિવિધ પડકારોનો સામનો કરીને વિશાળ બજાર સુધી પહોંચ ઉભી કરવા માટે ખેડૂતોને એક નવો માર્ગ પ્રદાન કરે છે. નાના અને સીમાંત ખેડૂતોના વ્યક્તિગત ખેતરોના નાના કદના કારણે દ્વારા ઉભા થયેલ અવરોધોને દુર કરીને, FPO સભ્યો ક્રેડીટ અને ટેકનોલોજી મેળવવા, વ્યવહાર ખર્ચ ઘટાડવા, ઉચ્ચ મૂલ્યના બજારોને ટેપ કરવા અને ખાનગી સંસ્થાઓ સાથે વધુ સમાન શરતો પર ભાગીદારી કરવા માટે સામુહિક શક્તિનો ઉપયોગ કરી શકે છે. વિકાસશીલદેશોમાં વધતી જતી બજાર તકોને લાભ મેળવવા માંગતા ખેડૂતો, ખાસ કરીને નાના ઉત્પાદકો દ્વારા સામનો કરવામાં આવતા અવરોધોને દુર કરવા માટે તેમને એક મહત્વપૂર્ણ જોખમ ઘટાડવાના ઉપકરણ તરીકે જોવામાં આવે છે.

## સંદર્ભ સાહિત્યની સમીક્ષા

ભારત સરકારે ૧૯ ફેબ્રુઆરી, ૨૦૨૦ ના રોજ ૧૦,૦૦૦ ખેડૂત ઉત્પાદક સંગઠનો (FPOs) ની રચના અને પ્રોત્સાહન નામની એક નવી કેન્દ્રીય ક્ષેત્ર યોજના શરૂ કરી છે, જેમાં સ્પષ્ટ વ્યૂહરચના અને પ્રતિબદ્ધ સંસાધનો સાથે દેશમાં ૧૦,૦૦૦ નવા FPOs ની રચના અને પ્રોત્સાહન આપવામાં આવશે. કોટે, વિજયલક્ષ્મી અને અન્ય (૨૦૨૩) પોતાના લેખમાં ખેડૂત ઉત્પાદક સંગઠનો બનાવવા માટેની તકો અને તે માટે સામનો કરવી પડતી મુશ્કેલીઓનો અભ્યાસ કરે છે. જે FPOની તકો અને તેના દ્વારા સામનો કરવામાં આવતા પડકારો પર કેન્દ્રિત છે. તેઓ FPOના પડકારો અંગે જણાવે છે કે FPO ની વિભાવના હજુ સુધી ખેડૂતો સુધી પહોંચી નથી, જે કારણથી ખેડૂતોની અર્થવ્યવસ્થા સુધારવામાં તેને અપેક્ષિત સફળતા મળી શકી નથી. તેઓ પોતાના તારણમાં જણાવે છે કે વર્તમાન પરિસ્થિતિમાં ગ્રામીણ વિસ્તારમાં તેની વિભાવનાઓ અને ફાયદાઓ વિશેની સમજણ ઓછી જોવા મળે છે. (Kote, Vijayalaxmi, & Ashokkumar, 2023) વેંકટેશ તગત અને અનિરુધ્ધ તગત પોતાના લેખમાં ભારતના ઓછી જમીન ધરાવતા નાના અને

સીમાંત ખેડૂતોના બહોળા વ્યાપના સંદર્ભમાં ખેડૂત ઉત્પાદક સંગઠનોની સંભવિત ભૂમિકાનો અભ્યાસ કરે છે. (Tagat & Tagat, 2016) કે. રામપ્પા અને એમ. યશશ્વીની પોતાના લેખમાં દેશમાં વિવિધ સંશોધકો દ્વારા કરવામાં આવેલા અવલોકનો અને સૂચનોના આધારે તકો અને પડકારોનું વિશ્લેષણ કરવાનો પ્રયાસ કરે છે. FPO ની તકો દર્શાવતા તેઓ જણાવે છે કે તે વ્યાપારી અને ઉત્પાદક ભાવો વચ્ચેની સાંકળ અને બજાર પ્રવેશની તક બની શકે છે. આ સાથે જ મૂલ્યવર્ધન, તાલીમ, તકનીકી સહાય, ઓછા ભાવે ઉત્પાદન સંસાધનો, ગુણવત્તા નિયંત્રણ, નવા બજારોની પહોચ, આર્થિક સુવિધા જેવી તકો પણ મેળવી શકે છે. પરંતુ FPO ઘણા પડકારોનો સામનો કરી રહ્યા છે, જેના અવલોકનો પરથી લેખકો કેટલીક બાબતો જણાવે છે, જેમ કે FPO નું યોગ્ય માળખું પસંદ કરવામાં અસ્પષ્ટતા રહેલી છે, નાના અને સીમાંત ખેડૂતોને રજીસ્ટર્ડ કંપની કઈ રીતે ચલાવવું તે અંગેનો ખ્યાલ નથી, સભ્યોની ઓછી સંખ્યા, વ્યાપાર યોજનાઓ બનાવવા માટે કૌશલ્યોનો અભાવ, વગેરે... (Ramppa & Yashashwini, 2018) પ્રીતિ સવાઈરામ પોતાના અભ્યાસમાં મહારાષ્ટ્રમાં શાકભાજીનું ઉત્પાદન કરી તેનું માર્કેટિંગ કરતા ચોક્કસ ખેડૂત ઉત્પાદક સંગઠનના નાના અને સીમાંત ખેડૂતોને તેમની કૃષિ પેદાશોના માર્કેટિંગમાં ઉદભવતી સમસ્યાઓનો અભ્યાસ કરે છે. જેમાં તે પોતાના નિષ્કર્ષમાં જણાવે છે કે, ઉત્પાદક કંપનીઓ ખેડૂતો માટે એક નવું આશાસ્પદ મોડેલ છે, પરંતુ તેને સતત સમર્થનની જરૂર છે. (Savairam, 2015) આનંદી રાદડિયા અને ડૉ. યોગેશકુમાર લાડ પોતાના અભ્યાસમાં ખેડૂતોની આર્થિક-સામાજિક રૂપરેખાનો અભ્યાસ કરીને, સભ્ય ખેડૂતો પર FPC ની અસરોનો અભ્યાસ કરે છે. જેના પરિણામોમાં તેઓ જણાવે છે કે સભ્ય ખેડૂતોએ FPCના કારણે બજારની સારી તકોના પરિણામે પોતાના પ્રશ્નોના નિરાકરણમાં પ્રગતિ સાધી છે, તેમ છતાં, પ્રોસેસિંગ સુવિધાઓનો અભાવ, તમામ પાકો ખરીદવાની પદ્ધતિઓનો અભાવ, FPC નોંધણી પ્રક્રિયામાં મુશ્કેલી જેવા અવરોધો જોવા મળે છે (Radadiya & Lad, 2023). FPO અસરકારક સામુહિક પગલાં દ્વારા લાભ પ્રદાન કરવાની ક્ષમતા ધરાવે છે, પરંતુ આ લાભોને મહત્તમ કરવા માટે પર્યાપ્ત મૂડી ઉભી કરવી એ મુખ્ય પડકાર છે. (Bikkina, Turga, & Bhamoriya, 2018) FPO અંગે ખેડૂતોમાં જાગૃતતાનો અભાવ, મર્યાદિત ધારણાઓ અને ભાગીદારી, FPO દ્વારા ઉપાર્જિત થઇ શકે તેવા લાભો અંગે ઓછી જાણકારી અને માર્યાદિત જ્ઞાન હોય છે. (Derle & Dr. Hasan, 2022)

આમ, અગાઉ થયેલા સંશોધનો અને અભ્યાસોનો અભ્યાસ કર્યા બાદ જાણવા મળે છે કે મોટાભાગના અભ્યાસો ખેડૂત ઉત્પાદક સંગઠનોની સ્થિતિ અંગે જાણવા માટે કરવામાં આવે છે

અથવા તેના કારણે ખેડૂતોની સ્થિતિમાં આવેલ બદલાવ અંગેની જાણકારી મેળવવા માટે કરવામાં આવેલ છે. થોડાં ઘણાં અભ્યાસો FPO અથવા તેના સભ્યો દ્વારા સામનો કરવામાં આવતા પડકારો અંગે કરવામાં આવેલ છે. હાલમાં FPOની સ્થિતિ પર નજર નાખીએ તો એ બંધ અથવા બિન-કાર્યરત છે. આ માટેના કયા કારણો હોઈ શકે, તે જાણવા માટે આ અભ્યાસ કરવામાં આવેલ છે. અગાઉ કરવામાં આવેલ મોટાભાગના આ પ્રકારના અભ્યાસો ગૌણ માહિતીના આધારે કરવામાં આવેલ છે, જયારે પ્રસ્તુત અભ્યાસ પ્રાથમિક માહિતીના આધારે કરવામાં આવેલ છે.

## સંશોધન પ્રશ્ન

સંબંધિત વિષય સાથે સંબંધિત અગાઉ કરવામાં આવેલ સંશોધનોનો અભ્યાસ કર્યા બાદ અભ્યાસકર્તાના મનમાં જે સંશોધન પ્રશ્ન ઉદ્ભવ્યો છે, તે નીચે મુજબ છે.

૧. ખેડૂત ઉત્પાદક સંગઠનો કેવા પડકારોનો સામનો કરવામાં આવતો હશે?

૨. ખેડૂત ઉત્પાદક સંગઠનના સભ્યો/હોદ્દેદારો દ્વારા સક્રિય ભાગીદારી કેટલી હશે?

૩. CBBO દ્વારા ખેડૂત ઉત્પાદક સંગઠનનો વ્યવસાય વધારવા માટે કેવા પ્રયત્નો કરવામાં આવતા હશે?

## અભ્યાસનો હેતુ

સંશોધન પ્રશ્નને અનુરૂપ પ્રસ્તુત અભ્યાસ કરવા માટે નીચે મુજબના હેતુઓ રહેલા છે.

૧. ખેડૂત ઉત્પાદક સંગઠનો દ્વારા સામનો કરવામાં આવતા પડકારો અંગેની જાણકારી મેળવવી.

૨. ખેડૂત ઉત્પાદક સંગઠનોની બિન-કાર્યક્ષમતાના કારણો અંગેની જાણકારી મેળવીને તે અંગેના ઉપાયો જાણવાનો પ્રયત્ન કરવો.

૩. FPO ના સભ્યો અને હોદ્દેદારોની સક્રિય ભાગીદારી અંગેની જાણકરી મેળવવી.

૪. FPO દ્વારા પોતાનો વ્યવસાય વધારવા માટે કરવામાં આવતા પ્રયત્નો અંગેની જાણકારી મેળવવી.

## માહિતીના સ્ત્રોત અને એકત્રીકરણ

પ્રસ્તુત અભ્યાસ માટે જરૂરી ગૌણ માહિતી વિવિધ સંશોધનોમાંથી પ્રાપ્ત કરવામાં આવી છે. આ માટે ઈન્ટરનેટ પર ઉપલબ્ધ વિવિધ સંશોધન પત્રો, સમાચાર પત્રો, થીસીસ તથા અન્ય વેબસાઈટનો ઉપયોગ કરવામાં આવેલ છે. પ્રાથમિક માહિતી મેળવવા માટે મુલાકાત પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો છે. પ્રસ્તુત અભ્યાસ માટે નોંધણીને પાંચ વર્ષથી વધુ સમય થયો હોય, તેવા ભરૂચ જીલ્લાના ૫ અને નર્મદા જીલ્લાના ૫, એમ કુલ ૧૦ FPO ની પસંદગી કરવામાં આવી

હતી. જે માટે નોંધાયેલ ખેડૂત ઉત્પાદક સંગઠનોની યાદી નાબાર્ડ, SFAC જેવી સંસ્થાઓની વેબસાઈટ પરથી મેળવવામાં આવી હતી. રજીસ્ટર્ડ થયેલા આ FPO ના CEO, પ્રમુખ, મંત્રી અથવા કમિટી મેમ્બરોની મુલાકાત કરીને અગાઉથી તૈયાર કરેલ પ્રશ્નોની સૂચીમાંથી પ્રશ્ન કરીને જરૂરી પ્રાથમિક માહિતી એકત્રિત કરવામાં આવી હતી.

પ્રસ્તુત અભ્યાસ માટે નીચે જણાવેલ FPOની પસંદગી કરવામાં આવેલ છે.

| ક્રમ | FPOનું નામ | જીલ્લો |
|---|---|---|
| ૧ | ધ રાતુડીયા ખેત ઉત્પાદકોની વિવિધલક્ષી અને રૂપાંતર કરનારી સહકારી મંડળી લીમીટેડ | નર્મદા |
| ૨ | ધ દેવ નદી ખેત ઉત્પાદકોની વિવિધલક્ષી અને રૂપાંતર કરનારી સહકારી મંડળી લીમીટેડ | નર્મદા |
| ૩ | લીલોતરી પલ્સ ક્રોપ પ્રોડ્યુસર કંપની લિમીટેડ | નર્મદા |
| ૪ | ભૂમિપુત્ર પલ્સીસ ક્રોપ પ્રોડ્યુસર કંપની લીમીટેડ | નર્મદા |
| ૫ | ધ કોયારી ખેત ઉત્પાદકોની વિવિધલક્ષી અને રૂપાંતર કરનારી સહકારી મંડળી લીમીટેડ | નર્મદા |
| ૬ | ઠાકોરજી ફાર્મર પ્રોડ્યુસર કો-ઓપ. સોસાયટી | ભરૂચ |
| ૭ | વિવેકાનંદ ખેત ઉત્પાદક વિવિધલક્ષી ખેડૂતોની સહકારી મંડળી | ભરૂચ |
| ૮ | સૂર્યદીપ આદિવાસી પલ્સ પ્રોડ્યુસર કંપની લિમીટેડ | ભરૂચ |
| ૯ | નેત્રંગ પલ્સ ક્રોપ પ્રોડ્યુસર કંપની લીમીટેડ | ભરૂચ |
| ૧૦ | ધ સમન્વય ખેડૂત સેવા સહકારી મંડળી લિમીટેડ | ભરૂચ |

## માહિતીનું વિશ્લેષણ :

પ્રસ્તુત અભ્યાસમાં માહિતી એકત્રીકરણ બાદ તેનું વિશ્લેષણ કરતા જે બાબતો ધ્યાને આવે છે, તે નીચે મુજબ છે;

**૧) સભ્યોમાં જાણકારી/માહિતીનો અભાવ**

પ્રસ્તુત અભ્યાસમાં આવરી લેવામાં આવેલ કુલ ૧૦ FPO પૈકી ૬ (૬૦%) FPOના સભ્યોને FPO અંગે જાણકારી/માહિતીનો અભાવ જોવા મળે છે. કોઈ પણ કાર્યમાં તે અંગેની માહિતી હોવું ખુબ જ જરૂરી છે. માહિતી પહોંચાડવું અથવા માહિતી મેળવવું એ કોઈ પણ કાર્યનું પ્રથમ પગથીયું છે. પરંતુ ઘણીવાર આ પગલું લેવામાં આવતું નથી, જેના કારણે ધારેલ પરિણામ મેળવી શકાતું

નથી. પ્રસ્તુત અભ્યાસમાં આવું જ ચિત્ર સામે આવે છે, જેમાં FPOના સભ્યોને FPO કેવી રીતે કાર્ય કરે છે અને શું કાર્ય કાર્ય કરે છે, તે અંગેની માહિતી તેઓને હોતી નથી.

આ ઉપરાંત, જે ગામ/વિસ્તારમાં FPO કાર્યરત હોય, ત્યાના સ્થાનિક લોકોને FPO અંગેની જાણકારી ન હોવાના કારણે તેઓ પોતાની ઈચ્છા હોવા છતાં તેમાં જોડાઈ શકતા નથી. આથી તેઓ FPOમાં સભ્યપદ મેળવવામાં સંકોચ અનુભવતા હોય છે. જેથી તેઓ તેમાં જોડાઈ શકતા નથી. અહીં એ બાબત નોંધનીય છે કે FPO દ્વારા માહિતી પ્રસારનું કાર્ય કરવામાં આવતું ન હોવાથી આ સ્થિતિનું નિર્માણ થયેલ જાણી શકાય છે.

**૨) ડિરેક્ટરો/CBBOનું પોતાનું વ્યાવસાયિક વલણ**

પ્રસ્તુત અભ્યાસમાં કુલ FPO પૈકી ૪ (૪૦%) FPOમાં ફક્ત FPOમાં ઉત્પાદન  કે સંસાધન વેચાણને મુખ્ય પ્રવૃત્તિ તરીકે કરવામાં આવે છે. જેમાં, FPO ના ડીરેક્ટરો/CBBOના ઉત્પાદનું જ વેચાણ થતું હોય તેવું ચિત્ર સામે આવે છે. મોટાભાગના આ રીતે જે વ્યવસાય કરવામાં આવે છે, તેમાં FPOના સભ્યોને ખાસ લાભ થતો જોવા મળતો નથી. FPOs એ એક સમૂહ આધારિત સંસ્થા છે. તેના દ્વારા કરવામાં આવતો વ્યવસાય એ જ તેના સફળતા માટે જવાબદાર હોય છે. પરંતુ જો આ વ્યવસાય કોઈ એક વ્યક્તિ અથવા કેટલાંક સભ્યો માટે જ કરવામાં આવતો હોય તો તે FPOના વહીવટમાં પડકારો ઉભા કરે છે. અભ્યાસ ક્ષેત્રમાં એવું જ ચિત્ર સામે આવે છે, જ્યાં FPO હાલમાં ડિરેક્ટરો અથવા CBBO (Cluster Based Business Organization) માટે એક વ્યવસાય બની ગયેલ છે. ડીરેક્ટરો કમાવવાની વૃત્તિ ધરાવતા હોય છે. અહીં એ બાબત પણ નોંધનીય છે કે મોટાભાગના FPO બિન-કાર્યરત હોવાના કારણે તેઓ વ્યવસાય કરી શકતા નથી, તેથી તેઓની ગણના આ કારણમાં થઇ શકતી નથી.

**૩) ખેડૂતના ખેતર સુધી માર્યાદિત પહોંચ**

પ્રસ્તુત અભ્યાસમાં કુલ FPO પૈકી ૬ (૬૦%) ખેડૂતના ખેતર સુધી મર્યાદિત પહોંચ ધરાવે છે. FPO મોટાભાગે ઇનપુટસનું વેચાણ કરતા જોવા મળે છે. પરંતુ તે વેચાણ પુરતું માર્યાદિત હોય છે. આથી, FPO ખેડૂતના ખેતર સુધી હજુ પહોંચી શક્યું નથી. FPO દ્વારા ફિલ્ડ સ્ટાફની ભરતી કરવાની થતી હોય છે, જે કરવામાં આવતી નથી. જેના કારણે FPO દ્વારા ક્ષેત્ર મુલાકાત જેવી પ્રવૃત્તિઓ કરવામાં આવતી નથી. આ કારણે ખેડૂતોના ખેતરની મુલાકાત લેવાતી નથી અને ખેડૂતોને ખેતરમાં શું મુશ્કેલી પડી રહી છે તે અંગેની જાણકારી FPOને મળી રહેતી નથી.

**૪) ખેડૂતોની નબળી આર્થિક સ્થિતિ**

પ્રસ્તુત અભ્યાસમાં આવરી લેવામાં આવેલ કુલ FPO પૈકી ૨ (૨૦%) FPOs ના સભ્યો કૃષિ ઇનપુટસ અને ઉત્પાદન વેચાણ માટે FPOના બદલે સ્થાનિક બજારની પસંદગી કરતા હોય છે. ગ્રામીણ વિસ્તારમાં વસતા નાના અને સીમાંત ખેડૂતોની આર્થિક સ્થિતિ નબળી હોય છે, જેથી તેઓ ખેતી માટે જરૂરી ઇનપુટસ ઉધારમાં ખરીદતા હોય છે. આ માટે FPOમાં કોઈ સવલત હોતી નથી. આ કારણથી ખેડૂતો ઉત્પાદન સંસાધન ખરીદવા માટે FPOની પસંદગી વધારે કરતા નથી. આ ઉપરાંત, જયારે ખેડૂતોનું ઉત્પાદન વેચાણ માટે બજારમાં જાય છે, ત્યારે વેપારીઓ દ્વારા તેમને રોકડમાં ચુકવણી કરવામાં આવે છે. આ રકમ મેળવીને તેઓ ખેતી ખર્ચ માટે કરેલ ઉધારી અને મજુરી ચુકવતા હોય છે, આથી ખેડૂતો પોતાના ઉત્પાદનોના વેચાણ સમયે ચુકવણીને રોકી રાખવા માટે તૈયાર થતા નથી. FPOમાં રોકડ નાણા માર્યાદિત પ્રમાણમાં મળતા હોય છે. વધારે મોટી રકમ માટે તેઓને ચેક આપવામાં આવે છે, જેના કારણે ખેડૂતો FPOમાં વેચાણ કરવાને બદલે સ્થાનિક બજારમાં વેચાણ કરવાનું પસંદ કરતા હોય છે. અહીં એ પણ નોંધવું જોઈએ કે મોટાભાગના FPO ઉત્પાદનોની ખરીદી કરતા ન હોવાના કારણે સાચી ટકાવારી જાણી શકાતી નથી.

**૫) વહીવટમાં પારદર્શિતાનો અભાવ**

અભ્યાસમાં આવરી લેવામાં આવેલ ૪૦% FPO દ્વારા ઇનપુટસની ખરીદી કરીને સભ્યોમાં તેની વહેંચણી કરવામાં આવતી હોય હોય છે, પરંતુ આ ઇનપુટસ કયા ભાવે ખરીદવામાં આવે છે અને સભ્યોને વહેંચણી થયા બાદ કેટલો નફો થાય છે તેની જાણકારી સભ્યોને આપવામાં આવતી હોતી નથી. FPOમાં વહીવટી પારદર્શિતાનો અભાવ જોવા મળે છે. FPO દ્વારા કેટલો નફો કમાવવામાં આવે છે તે અંગેની સભ્યોને જાણકારી આપવામાં આવતી નથી. આ ઉપરાંત, આ નફાની વહેંચણી પણ સભ્યોમાં કરવામાં આવતી નથી. પારદર્શિતા જાળવવા માટે ઓડીટ કરવામાં આવે છે, પરંતુ આ ઓડીટ અંગે પણ સભ્યોને જાણકારી આપવામાં આવતી હોતી નથી.

**૬) નાણાંકીય સ્ત્રોતોનો અભાવ**

પ્રસ્તુત અભ્યાસના ૩૦% FPO નાણાંકીય સ્ત્રોતોના અભાવની સમસ્યાઓ સામનો કરતી જોવા મળે છે. FPO દ્વારા વ્યવસાય ચાલુ કરવા માટે જરૂરી નાણા ઉપલબ્ધ થઇ રહે તે માટે જરૂરી નાણાકીય સ્ત્રોતોનો અભાવ જોવા મળે છે. ઘણાં FPOમાં નાણાંકીય સ્ત્રોતોના અભાવને કારણે તેમાં પુરતો સ્ટાફ રાખી શકાતો નથી. આ ઉપરાંત, વ્યવસાય માટે જરૂરી લાઇસન્સ મેળવવા માટે જરૂરી નાણાની સમસ્યા ઉત્પન્ન થાય છે. એફ.પી.ઓ.ના સભ્યોના ઉત્પાદનોની જયારે ખરીદી

કરવામાં આવે ત્યારે નાણાના અભાવને કારણે ઘણાં ખેડૂતોના ઉત્પાદનો ખરીદવામાં સમસ્યા ઉભી થાય છે.

**૭) પૂરતા સ્ટાફનો અભાવ**

પ્રસ્તુત અભ્યાસમાં પસંદ કરવામાં આવેલ FPOs પૈકી ૯૦% FPOsમાં પૂરતા સ્ટાફની અછત જોવા મળે છે. એફ.પી.ઓ.માં ખેડૂતોને એકત્રિત કરીને વ્યવસાય કરવા માટે સી.ઈ.ઓ., ફિલ્ડ સ્ટાફ, એકાઉન્ટન્ટ જેવા કર્મચારીઓની નિમણુંક કરવાની થાય છે. આ કર્મચારીઓ એફ.પી.ઓ.ના વ્યવસાયને સ્થાપિત કરીને તેની જરૂરી કાર્યવાહી કરવા માટે જવાબદાર હોય છે, પરંતુ ઘણાં એફ.પી.ઓ.માં આ કર્મચારીઓની ગેરહાજરી જોવા મળે છે. FPO માં જરૂરી સ્ટાફની અછત હોવાના કારણે વ્યવસાય સ્થાપિત કરવામાં ઉદાસીનતા જોવા મળે છે.

**૮) પૂરતા ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો અભાવ**

પ્રસ્તુત અભ્યાસમાં ૮૦% FPOs પાસે ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો અભાવ જોવા મળે છે, જે FPOની વ્યવસાય સ્થાપિત કરવાની ક્ષમતાને ખુબ જ નબળી કરવા માટે જવાબદાર નીવડે છે. એફ.પી.ઓ. પાસે જરૂરી ઈન્ફ્રાસ્ટ્રક્ચર, જેમ કે ગોડાઉન, સ્ટોર વગેરેની અછત જોવા મળે છે. કેટલાક એફ.પી.ઓ. ઇનપુટસ વહેંચણીનું કામ કરતા હોય છે, પરંતુ તેમના પાસે વહેંચણી માટેના સેન્ટરો નાના અને માર્યાદિત હોય છે, જેથી તેઓ સમયસર ખેડૂતોને ઇનપુટસ પુરા પાડવામાં અક્ષમ રહે છે. FPO દ્વારા ખેડૂતોના ઉત્પાદનોની ખરીદી કરવામાં આવે, તો તેના માટે ગોડાઉનની જરૂરિયાત રહે છે, જે ન હોવાથી તેઓ મોટા પ્રમાણમાં ખરીદી કરી શકતા નથી, જેથી FPO પોતાના સભ્યોને કૃષિ ઉત્પાદનોના યોગ્ય ભાવ મેળવવામાં મદદરૂપ નીવડી શકતા નથી.

**૯) વ્યાવસાયિક તથા ક્ષમતા નિર્માણ અંગેની તાલીમનો અભાવ**

પ્રસ્તુત અભ્યાસમાં પસંદ કરવામાં આવેલ FPOs પૈકી ૯૦% FPOsના સભ્યો/કમિટી મેમ્બરોને વ્યાવસાયિક તથા ક્ષમતા નિર્માણની તાલીમ આપવમાં આવતી નથી, જેથી જયારે CBBO દ્વારા FPO ને સ્વતંત્ર રીતે વ્યવસાય કરવા માટે હેન્ડ ઓવર કરવામાં આવે છે, ત્યારે તે FPO પોતાનો વ્યવસાય આગળ ધપાવી શકતા નથી અને તે FPO પડી ભાંગે છે. ઘણાં FPO તેમના કર્મચારીઓને વિવિધ તાલીમ પૂરી પડતા હોય છે, જેમાં મુખ્યત્વે ખેતી, પશુપાલન કે ક્ષમતા નિર્માણ સંબંધિત તાલીમ આપવામાં આવતી હોય છે. પરંતુ, FPOના ડીરેકટરો તથા કમિટી સભ્યોને વ્યાવસાયિક તથા ક્ષમતા નિર્માણની તાલીમ આપવામાં આવતી નથી, જેથી CBBOનો સમયગાળો પૂર્ણ થતાં FPO પોતે સ્વતંત્ર રીતે અભ્યાસ કરવામાં નિષ્ફળ નીવડે છે, પરિણામે

FPO બિન-કાર્યરત બની જાય છે. કેટલીક વખત એવું ચિત્ર પણ સામે આવે છે કે FPO દ્વારા વ્યવસાય સ્થાપિત કરવામાં આવે છે અને તેનું CBBO ના કર્મચારીઓ દ્વારા કાર્યવાહી કરવામાં આવતી હોય છે.

**૧૦) અનિયમિત ચુંટણી પ્રક્રિયા**

પ્રસ્તુત અભ્યાસમાં પસંદ કરવામાં આવેલ FPO પૈકી ૬૦% FPOsમાં નિયમિત ચુંટણી કરવામાં આવતી નથી. FPOમાં કમિટી બનાવવામાં આવે છે, જેમાં પ્રમુખ અને મંત્રીને ચૂંટવામાં આવતા હોય છે. આ પ્રમુખ અને મંત્રીની સમયસર ચુંટણી કરવામાં આવતી નથી. ૨૦% FPOમાં એવું પણ ચિત્ર સામે આવે છે કે પ્રમુખ અને મંત્રી પૈકી કોઈનું અવસાન થયેલ હોય, તેના સ્થાને ચૂંટણી કરવાની હોય પરંતુ તે FPO પ્રમુખ/મંત્રી વિના બંધ થઇ જાય છે. પ્રમુખ/મંત્રીની ચુંટણી નિયમિત કરવામાં આવવામાં આવતી ન હોવાના કારણે સભ્યોમાં FPO પ્રત્યે અવિશ્વાસની ભાવના કેળવાય છે, જે FPO ની બિન-કાર્યક્ષમતા વધારવામાં ખુબ જ મોટી ભૂમિકા ભજવે છે. અહીં એ બાબત પણ નોંધનીય છે કે કેટલાંક FPO, જે બિન-કાર્યરત છે, તેમની ગણના આમાં થતી ન હોવાથી આ ટકાવારીમાં વધારો થવાની સંભાવના છે.

**૧૧) પ્રમુખ/મંત્રીની નબળી કામગીરી**

પ્રસ્તુત અભ્યાસમાં પસંદ કરવામાં આવેલ FPO પૈકી ૮ (૮૦%) FPOમાં પ્રમુખ અને મંત્રી દ્વારા કામગીરી ન કરવાના કારણે FPOના સભ્યો FPOની વ્યવસાયિક કામગીરીમાં સમર્થન કરતા નથી, જેના કારણે FPO બિન-કાર્યક્ષમ બને છે. CBBO દ્વારા ખેડૂતોને એકત્રિત કરીને FPO બનાવવામાં આવે છે, અને ત્યારબાદ તેની કમિટી બનાવવામાં આવે છે. આ કમિટીમાં પ્રમુખ અને મંત્રી બનાવવામાં આવે છે, જે FPOની કામગીરી સંભાળતા હોય છે. પરંતુ પ્રમુખ અને મંત્રી દ્વારા પોતાની કામગીરી વ્યવસ્થિત રીતે કરવામાં આવતી ન હોવાથી FPO દ્વારા કોઈ કામગીરી થતી નથી.

## તારણો :

- અભ્યાસમાં આવરી લેવામાં આવેલ કુલ ૧૦ FPO પૈકી ૬ (૬૦%) FPOના સભ્યોને FPO અંગે જાણકારી/માહિતીનો અભાવ જોવા મળે છે.
- અભ્યાસમાં આવરી લેવાયેલ કુલ FPO પૈકી ૪ (૪૦%) FPOમાં ફક્ત FPOમાં ઉત્પાદન કે સંસાધન વેચાણને મુખ્ય પ્રવૃત્તિ તરીકે કરવામાં આવે છે.

- અભ્યાસમાં આવરી લેવાયેલ કુલ FPO પૈકી ૬ (૬૦%) FPO ખેડૂતના ખેતર સુધી મર્યાદિત પહોંચ ધરાવે છે.
- અભ્યાસમાં આવરી લેવામાં આવેલ કુલ FPO પૈકી ૨ (૨૦%) FPOના સભ્યો કૃષિ ઇનપુટસ અને ઉત્પાદન વેચાણ માટે FPOના બદલે સ્થાનિક બજારની પસંદગી કરતા હોય છે.
- અભ્યાસમાં આવરી લેવામાં આવેલ ૪૦% FPO દ્વારા ઇનપુટસ કયા ભાવે ખરીદવામાં આવે છે અને સભ્યોને વહેંચણી થયા બાદ કેટલો નફો થાય છે, તેની જાણકારી સભ્યોને આપવામાં આવતી નથી.
- અભ્યાસમાં આવરી લેવાયેલ FPO પૈકી ૩૦% FPO નાણાંકીય સ્ત્રોતોના અભાવની સમસ્યાઓનો સામનો કરતી જોવા મળે છે.
- અભ્યાસમાં પસંદ કરવામાં આવેલ FPO પૈકી ૯૦% FPOમાં પૂરતા સ્ટાફની અછત જોવા મળે છે.
- અભ્યાસમાં આવરી લેવાયેલ FPO પૈકી ૮૦% FPO પાસે ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો અભાવ જોવા મળે છે.
- અભ્યાસમાં પસંદ કરવામાં આવેલ FPO પૈકી ૯૦% FPOના સભ્યો/કમિટી મેમ્બરોને વ્યાવસાયિક તથા ક્ષમતા નિર્માણની તાલીમ આપવમાં આવતી નથી.
- અભ્યાસમાં પસંદ કરવામાં આવેલ FPO પૈકી ૬૦% FPOમાં નિયમિત ચુંટણી કરવામાં આવતી નથી તથા પસંદ કરવામાં આવેલ FPO પૈકી ૨૦% FPOsમાં પ્રમુખ અને મંત્રીના અવસાન બાદ પણ ચૂંટણી કરવામાં આવેલ નથી.
- અભ્યાસમાં પસંદ કરવામાં આવેલ FPO પૈકી ૮ (૮૦%) FPOમાં પ્રમુખ અને મંત્રી દ્વારા કરવામાં આવતી કામગીરી નબળી જણાય છે.

## સુચનો

પ્રસ્તુત અભ્યાસના અંતે ખેડૂત ઉત્પાદક સંગઠન પોતાના હેતુઓ પૂર્ણ કરી શકે તે પ્રમાણે તેનું સંચાલન થાય તે માટે નીચે મુજબ જરૂરી સૂચનો કરવામાં આવે છે.

૧) FPO દ્વારા જરૂરી ઉત્પાદન સંસાધનો ખેડૂતોને મળી રહે અને તે માટે તેઓને નાણાંની સમસ્યા ન ઉદ્ભવે તે અંગેનો ખ્યાલ રાખવો જોઈએ. જે માટે ઇનપુટસ માટેની રકમ ઉત્પાદનના વેચાણ સમયે વસુલવામાં આવે, તે પ્રમાણેનું આયોજન કરવું જોઈએ.

૨) FPOમાં જરૂરી લાયકાત અને ક્ષમતા ધરાવતા અને પૂરતા સ્ટાફની ભરતી થાય તેની જવાબદારી CBBO ની રહે છે. આ સાથે જ ડીરેક્ટરો અને કમિટી એ પણ તેનું ધ્યાન રાખવું જોઈએ. સ્ટાફ પુરતો હોય, તો ખેડૂતોની સમસ્યાઓને ઝડપી ઉકેલ લાવી શકાય છે, ઉપરાંત, વ્યવસાય પણ સારી રીતે સ્થાપિત કરી શકાય છે. આથી સ્ટાફ પુરતો રહે તેની ખાતરી કરવું ખુબ જ જરૂરી છે.

3) CBBO દ્વારા કમિટી મેમ્બર અને ડીરેક્ટરોને વ્યાવસાયિક તેમજ ક્ષમતા નિર્માણની તાલીમ ફરજીયાત આપવું જોઈએ, જેથી તેઓ પોતાના FPOનો વ્યવસાય વ્યવસ્થિત રીતે ચલાવી શકે.

૪) FPOમાં નિયમિત ચૂંટણી થાય તે અંગે જરૂરી કાર્યવાહી કરવું જોઈએ.

## સારાંશ

ભારતની ખેતી સમૃદ્ધ હોવા છતાં પણ અહીંના નાના અને સીમાંત ખેડૂતો હજુ પણ ગરીબ છે. ૨ હેકટરથી ઓછી જમીન ધરાવતા આ ખેડૂતો વિવિધ સમસ્યાઓને દુર કરવા માટે ખેડૂત ઉત્પાદક સંગઠન (FPO)ની જરૂરિયાત અનુભવાઈ, જે વિવિધ પડકારોનો સામનો કરવા અને વિશાળ બજાર સુધી પહોંચ મેળવવા માટેનો એક નવો માર્ગ પ્રદાન કરે છે. પરંતુ તેમાં કેટલાંક પડકારો રહેલા છે, જે પડકારોને સમજીને તેને દુર કરવામાં આવે તો FPO ખુબ સારા પરિણામો આપે તેમ છે.

## Bibliography


1. Bikkina, N., Turga, M. R., & Bhamoriya, V. (2018). Farmer Producer Organization as Farmer Collectives : A Case Study From India. *Development Policy Review, 36*(6), 669-687. doi:10.1111/dpr.12274

2. Derle, V. B., & Dr. Hasan, S. T. (2022). A STUDY OF FARMER PERCEPTION TOWARDS FARMER PRODUCER ORGANIZATIONS : A SYSTEMATIC REVIEW OF LITURATURE. *Journal of Positive School Pshycology*. Retrieved 01 09, 2026, from https://jornalppw.com/index.php/jpsp/article/view/11863

3. HIND NEWS, A. (2024, 06 29). ખેડૂત ઉત્પાદક સંગઠન )FPO) એટલે શું? તેની રચનાની પ્રક્રિયા અને ખેડૂતોને થતા ફાયદા વિશે જાણો. *હિન્દ ન્યુઝ*. Retrieved 1 26, 2026, from https://hindnews.in/?p=42345

4. Kote, P., Vijayalaxmi, B. S., & Ashokkumar, B. (2023). Opportunities and Challenges in Forming Farmer Producer Organizations. *Biological Forum - An International Journal*.

5. Radadiya, A., & Lad, D. A. (2023). Assessing the impact of farmer producer compnies of farmers and addressing constraints faced by member farmers. *The Pharma Innovation, 12*(12), 2092-2097. Retrieved 11 29, 2025, from hΣps://www.thepharmajournal.com/archives/2023/vol12issue12S/PartAA/S-12-12-258-132.pdf

6. Ramppa, K. B., & Yashashwini, M. (2018). Evaluation of Farmer Producer Organizations : Challenges and Opportunities. *Research Journal of Agricultural Science*. Retrieved 12 25, 2025, from hΣps://www.researchgate.net/profile/Ramappa-Kb2/publicaΘon/327040838_EvoluΘon_of_Farmer_Producer_OrganizaΘons_Challenges_and

7. Savairam, P. (2015). Case Study of farmer Producer Organization in Maharastra in the Era of Globlization. *IBMRD'S Journal of Management & Research*.

8. Tagat, V., & Tagat, A. (2016, 11 23). THE POTENSIAL OF FARMER PRODUCER ORGANIZATONS IN INDIA. *Social Science Research Netwoek (SSRN)*, 1-14. doi:http://dx.doi.org/10.2139/ssrn.2972488

9. Vinayak , N., Singh, P., Arathi, A., & Kumar, S. (2019, 9). Farmer producer organisations: Innovative institutions for. *Indian Journal of Agricultural Sciences, 89*(9), 1383-1392. doi:https://doi.org/10.56093/ijas.v89i9.93451